# Date Extended till: 15/06/2023

**બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુર**
**સંચાલિત**
# જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર

**પ્રથમ વર્ષ આર્ટસ (B.A. Sem-I) ગ્રાન્ટેબલ વર્ગોમાં પ્રવેશ માટેના નિયમો અને જરૂરી માહિતી**

જુન–૨૦૨૩થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે **B.A. Sem-I**માં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી હેમ.ઉ.ગુજ.યુનિ. અને સરકારશ્રીએ નકકી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

| | |
|---|---|
| ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની સમય-મર્યાદા | તા.:૦૧/૦૬/૨૦૨૩ થી તા.:**૧૫/૦૬/૨૦૨૩** |
| ઓનલાઈન ફોર્મ ભરવા માટેની લિંક: **અહીં ક્લિક કરો** Click to Register | |

તમારું પ્રવેશ ફોર્મ કામચલાઉ ધોરણે સ્વીકારવામાં આવે છે. તા.:૧૫/૦૬/૨૦૨૩ સુધીમાં Click to Login પર કિલક કરી તમારી Details એન્ટર કરી પ્રવેશ ફોર્મ ફી ૧૦૦/– ભરવાની રહેશે. ત્યારબાદ જ પ્રવેશ ફોર્મ કાયમી ધોરણે સ્વીકારાશે અન્યથા તમારું પ્રવેશ ફોર્મ આપોઆપ રદ ગણાશે.

૧. વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ **www.gdmca.ac.in** પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂા.૧૦૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે.

૨. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ચોકસાઈથી ભરવી. **અસલ પ્રમાણપત્રો જ ઓનલાઈન અપલોડ કરવા.**

૩. મેરીટ માટે કુલ ૭૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના થિયરી વિષયોના કુલ ગુણ– ૭૦૦ માંથી મેરીટ ગણવામાં આવશે. કોમ્પ્યુટર પ્રેકટીકલના માર્કસ મેરીટ ગુણમાં ગણવા નહી. જો વિદ્યાર્થી ધોરણ–૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયેલ ન હોય તો એક કરતાં વધુ પ્રયત્ન માટે દરેક પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કાપવામાં આવશે.

૪. પ્રવેશ સંપૂર્ણ રીતે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો પ્રમાણે આપવામાં આવશે.

૫. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાય તો Edit Existing Admission પર કિલક કરી ફોર્મમાં ભરેલ Mobile No. અને Birth-Date લખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફોર્મ ફાઈનલ સબમિશન બાદ સુધારો કરી શકાશે નહી.

૬. ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી વિદ્યાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે. મેરીટ યાદી કોલેજના નોટીસ બોર્ડ ઉપર અને કોલેજ વેબસાઈટ પર જાહેર થશે. વિદ્યાર્થીએ કૉલેજની વેબસાઈટ સતત ચેક કરતા રહેવું. મેરીટ યાદીમાં નામ આવ્યેથી નિયત તારીખોમાં કૉલેજમાં રૂબરૂ **અસલ પ્રમાણપત્રો** સાથે હાજર રહેવું. પ્રવેશ મેળવીને તરત જ ઓનલાઈન ફી સમય મર્યાદામાં ભરવાની રહેશે., અન્યથા તેનો પ્રવેશનો હક રહેશે નહી.

૭. ફી ભરાયા બાદ વિદ્યાર્થીએ ભરેલા ફોર્મ, ઓનલાઈન ફી ભર્યાની પાવતી તથા નીચેના ડોકયુમેન્ટની પ્રમાણિત ઝેરોક્ષ (નકલ) કોલેજમાં અચૂક જમા કરાવવાની રહેશે. ઉપરોક્ત પુરાવાઓ સમયસર જમા નહી કરાવનાર વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ્દ થઈ જશે.

# **પ્રમાણપત્રોની વિગત**

૧. ધોરણ–૧૨ (હાયર સેકન્ડરી) પરીક્ષા પાસ કર્યાની ઓરીજીનલ **માર્કશીટ** અને તેની પ્રમાણિત નકલ.
૨. ધોરણ–૧૨ પરીક્ષાના પ્રથમ પ્રયત્ને અથવા જેટલા પ્રયત્ને પસાર કરી હોય તે અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો- **(ધો–૧૨ ટ્રાયલ સર્ટીફીકેટ).**
૩. શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. (L.C.)
૪. પછાતવર્ગના વિદ્યાર્થીઓએ જાતિ અંગેનાં સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
૫. બક્ષીપંચના વિદ્યાર્થીઓએ તેઓ ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) આવતા નથી તે બાબતના દાખલાની પ્રમાણિત નકલ. (સરકારશ્રીના વખતો વખતના નિયમ મુજબ)
૬. EWS(આર્થિક રીતે નબળા) વર્ગના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
૭. હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કર્યા પછી અભ્યાસમાં દાખલ થવા માટે તૂટ પડી હોય, અથવા તો બીજા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તો નિયત નમુનામાં રૂા. ૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ (એફીડેવીટ) કરાવી રજુ કરવાનું રહેશે.
૮. આધારકાર્ડની પ્રમાણિત નકલ.
૯. નેશનલાઈઝ બેંક પાસબુકની પ્રથમ પેજની પ્રમાણિત નકલ.
૧૦. **Anti-Ragging Affidavit** (વિદ્યાર્થી અને વાલી બંનેનું) [ પ્રવેશ ફી ભર્યા બાદ ઓનલાઈન જનરેટ થશે.]

૮. રીપોર્ટીંગ વખતે ઉપરના તમામ અસલ ડોકયુમેન્ટ વેરીફાય કરવામાં આવશે તે યોગ્ય જણાશે તો જ પ્રવેશ માન્ય ગણાશે. અન્યથા પ્રવેશ રદ્ કરવામાં આવશે તેમજ ભરેલ ફી પરત મળશે નહી. વિદ્યાર્થીને વિષયોની ફાળવણી કોલેજની પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવશે. રીપોર્ટીગ વખતે દરેક વિદ્યાર્થીએ અસલ પ્રમાણપત્રો સાથે રાખવાના રહેશે.

(રીપોટીગ કયારે કરવું તે અંગેની જાણ કોલેજનાં નોટીસ બોર્ડ અને કોલેજ વેબસાઈટ ઉપર કરાશે, જે અંગેની અચૂક નોંધ લેવી.)

૯. ધોરણ–૧૨ની પરીક્ષા માર્ચ/જૂન–૨૦૨૩ પહેલાં પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ/અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ લીધો હોય અને મેરીટ યાદીમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજનો NOC-લેટર પ્રવેશ સમયે અચૂક રજૂ કરવાનો રહેશે. NOC-વગર પ્રવેશ મેળવી શકશે નહી.

૧૦. અનામત બેઠકોની ફાળવણીઃ– કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. અનુસુચિત જાતિ માટે– | ૭ % | ૬.સાયન્સ પ્રવાહ– | ૨.૫ % |
| ૨. અનુસુચિત જનજાતિ માટે– | ૧૫ % | ૭. કોમર્સ પ્રવાહ– | ૨.૫ % |
| ૩. બક્ષીપંચ માટે– | ૨૭ % | ૮.પોસ્ટ બેઝીક– | ૨ % |
| ૪. આર્થિક પછાત (EWS) માટે– | ૧૦ % | ૯.અન્ય બોર્ડ– | ૨ % |
| ૫. શારીરીક વિકલાંગ માટે– | ૩ % | | |

૧૧. ફીના ધોરણો :– હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે. શિક્ષણ ફી તથા અન્ય ફી સેમિસ્ટર દીઠ લેવામાં આવશે. સરકારશ્રીના નિયમ મુજબ કન્યાઓને કોલેજની ટયુશન ફી માંથી મુકિત આપવામાં આવશે. વિદ્યાર્થીઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો.

૧૨. અનામત વર્ગના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર રહેશે. જે માટે નિયત નમૂનામાં નિયત સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.

૧૩. ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગર સિવાય અન્ય બોર્ડમાંથી એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીને હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ.માંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર(Provisional Eligibility Certificate) મેળવી લીધા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

૧૪. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

૧૫. પ્રવેશ ફોર્મમાં અધુરી કે ક્ષતિવાળી ખોટી માહિતી આપનાર વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

૧૬. **વોટ્સએપ મોબાઈલ નંબર ફરજીયાત ઓનલાઈન ફોર્મમાં જણાવવાનો રહેશે.**
પ્રવેશ ફોર્મમાં દર્શાવેલ મોબાઇલ નંબર કાયમી રહેશે.

## નવી શિક્ષણનીતિ મુજબ વિષયોની માહિતી ૨૦૨૩-૨૪થી અમલમાં

| SR. NO | B.A.SEM-I |
|---|---|
| 1 | **MAJOR SUBJECT**<br>ENGLISH<br>GUJARATI<br>ECONOMICS<br>SANSKRIT |
| 2 | **MINOR SUBJECT**<br>HINDI<br>HISTORY<br>PHILOSOPHY<br>POLITICAL SCI. |
| 3 | **Multi Disciplinary** *( માઈનર સબ્જેક્ટ રાખેલ સિવાયનો વિષય પસંદ કરવો )*<br>HINDI<br>HISTORY<br>PHILOSOPHY<br>POLITICAL SCI. |
| 4 | **A.E.-**<br>**S.E.-**<br>**CVAC-**<br>આ ત્રણેય વિષયો પ્રવેશ સમયે આપવામાં આવશે. |

૧૭. **પ્રથમવર્ષ** (B.A. Sem.I) **માં મેજર વિષયમાં દર્શાવેલ ચાર વિષયો પૈકી કોઈપણ એક વિષય અને માઈનર વિષયમાં દર્શાવેલ વિષયો પૈકી કોઈપણ એક વિષય આપવામાં આવશે. મલ્ટી ડીસીપ્લીનરી વિષયો પૈકી એક (માઈનર વિષય રાખેલ સિવાયના) આપવામાં આવશે.**
**મેજર વિષય ત્રણેય વર્ષમાં મુખ્ય વિષય તરીકે રહેશે.**

૧૮. **પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ યુનિવર્સિટી એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ ગણાશે.**

૧૯. **જો કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ, નિયમો કે ટેકનિકલ કારણોસર ક્ષતિયુકત માલુમ પડશે અથવા જો હેમ.ઉ.ગુજરાત યુનિ.વિદ્યાર્થીનો પ્રવેશ અમાન્ય કરશે તો એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણાશે. આ અંગે યુનિ.ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.**

૨૦. **કોલેજ કાર્યાલયનો સમય (જાહેર રજા સિવાય) સોમવાર થી શનિવાર સવારે ૦૮:૦૦ થી ૦૧:૦૦ કલાકનો રહેશે.**

૨૧. **પ્રવેશની કામગીરી યુનિવર્સિટી દ્વારા સુચવેલા નીચેના શિડયુલ પ્રમાણે થશે.**

## B.A.SEM- 1 New Admission Schedule for

## Academic Year 2023-24

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રથમ મેરીટ યાદી અને પ્રવેશ યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | **૧૯/૦૬/૨૦૨૩** |
| ૨ | ઓનલાઈન ફી ભરી પ્રવેશ મેળવી લેવાની **છેલ્લી તારીખ** | **૨૩/૦૬/૨૦૨૩** |
| ૩ | બીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની સંભવિત તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | **૨૮/૦૬/૨૦૨૩** |
| ૪ | બીજી પ્રવેશ યાદીની ઓનલાઈન ફી ભરી પ્રવેશ મેળવી લેવાની **છેલ્લી તારીખ** | **૦૧/૦૭/૨૦૨૩** |

**નોંધઃ જો પ્રવેશ માટે જગ્યાઓ હશે તો ત્રીજી અને ચોથી યાદી મુકવામાં આવશે. જે માટે વિદ્યાર્થીએ સતત નોટીસ બોર્ડ અને વેબસાઈટ જોતા રહેવું.**

**મેરીટ યાદીમાં નામ આવ્યાથી સમય મર્યાદામાં પ્રવેશ મેળવતી વખતે વિદ્યાર્થીએ ફોર્મની સાથે ઓરીજીનલ પ્રમાણપત્રો લાવવાના રહેશે.**

Principal
G. D. Modi College of Art
PALANPUR-385001

**સ્થળ: પાલનપુર.**
**તારીખ: ૦૬ /૦૬/૨૦૨૩**